જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૮/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૬૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૪ કેસ કરી, ૭૮ વ્યક્તિઓને ઝડપી, ૧૦૫૦ લીટર દેશી દારૂ, ૩૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૯૫ બિયર ટીન, ૦૨ મોટર સાયકલ, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૯,૫૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૧૬૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૧૬૫/૨૦૨૬**

વાડજઃ સંગીતકુમાર દિનેશભાઈ ગોઠી (ઉ.વ.૨૯) (રહે. ધરતી સાકેત રેડીયન્સ વ્રજ રેસીડન્સી વિભાગ– ૨ ભાડજ) એ તા.૨૧/૦૮/૨૦૨૬ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સંગીતકુમાર ગોઠી નાઓ નવા વાડજ સેતુ સ્પાયર ધ્વનિ પેઈન્ટસ નામની દુકાન ધરાવી વેપાર ધંધો કરતા હોય તા.૧૫/૦૭/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી પટેલ વિરાગભાઈ ચંદુભાઈ (રહે. શાંતિદિપ એપાર્ટમેન્ટ વિભાગ–૧ ન્યુ રાણીપ) નવા વાડજ ખાતે સંગીતકુમાર ગોઠી પાસેથી FINOLEX 2.5. SQ.MM 4 CORE ૧૦૦ મીટરની કોયલ નંગ–૧૦૦ કિમત રૂપિયા ૧૨,૬૨,૧૨૮/– તથા ટોરેન્ટ હાઉસ વાયર ૧૮૦ મીટરની કોયલ નંગ–૬ કિમત રૂપિયા ૨૨,૩૯૫/– તથા FINOLEX 6*4 SQ.MM * 4 CORE ૫૦૦ મીટર કિમત રૂપિયા ૧,૫૨,૫૭૪/– મળી કુલ રૂપિયા ૧૪,૩૭,૦૯૭/– માલ મેળવી લઈ જઈ નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.વી.ગોહીલ ચલાવે છે.

નારોલઃ નારોલ વિસ્તારમાં રહેતી યુવતીએ તા.૨૧/૦૮/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૮/૨૦૨૬ બપોરના ૦૧/૪૫ થી સાંજના ૦૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૮૩૦૬૯૬૫૯૮૦ ના ધારકે યુવતીને ફોન કરી યુવતીના પિતાના મિત્ર વાત કરતા હોવાની ઓળખ આપી જણાવેલ કે તમારા પિતાએ પૈસા ટ્રાન્સફર કરવા માટે તમારો નંબર આપતા તમારા ખાતામાં રૂપિયા ૧૨,૦૦૦/– ટ્રાન્સફર કરવાના હતા પરંતું ભુલથી તમારા ગુગલ–પે એપમાં અલગ–અલગ બે ટ્રાન્ઝેકશનથી રૂપિયા ૧૦,૦૦૦/– તેમજ ૨૦,૦૦૦/– ટ્રાન્સફર થયેલ છે જે પૈસા જમા થયાનો મેસેજ તમને મોકલેલ છે જે મેસેજ જોઈ લો અને વધું પૈસા જમા થયેલ છે તે પૈસા ૭૦૨૪૬૧૮૧૨૫ નંબર ઉપર રૂપિયા ૧૮,૦૦૦/– પરત ટ્રાન્સફર કરવાનું કહેતા યુવતીએ ચાલુ ફોનમાં જ પૈસા જમા થયાનો મેસેજ જોયેલ જેથી યુવતીએ પૈસા પરત કરવા આપેલ નંબર ઉપર રૂપિયા ૧૮,૦૦૦/– ટ્રાન્સફર કર્યા હતા. દરમ્યાન ૯૫૪૯૪૩૯૦૫૦ ના ધારકે રૂપિયા ૧૮,૦૦૦/– ટ્રાન્સફર થયાનો સ્ક્રીન શોર્ટ મોકલેલ ત્યારબાદ ખાતામાં ચેક કરતા યુવતીના ખાતામાં રૂપિયા જમા થયેલ ન હતા. આમ ઓનલાઈન રૂપિયા ૧૮,૦૦૦/– ટ્રાન્સફર કરાવી લઈ યુવતી સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.આર.ચોધરી ચલાવે છે.

મણીનગરઃ અશોકસિંગ અમરસિંગ ભાટી (ઉ.વ.૨૯) (રહે. વસુંધરા સોસાયટી, ઢોર બજાર ચાર રસ્તા મણીનગર) એ તા.૨૧/૦૮/૨૦૨૬ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૮/૨૦૨૬ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે અશોકસિંગ ભાટીને પોતાના મિત્રના વ્હોટસએપથી આવેલ આર.ટી.ઓ.ચલણ નામની એપ્લીકેશન ડાઉનલોડ કરેલ દરમ્યાન અજાણી વ્યક્તિએ અશોકસિંગ ભાટીનો મોબાઇલ હેક કરી બેન્ક ખાતામાંથી રૂપિયા ૧,૨૨,૮૦૦/– અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી ઓનલાઇન છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

વસ્ત્રાપુરઃ અક્ષયભાઇ ઉલ્લાસભાઇ બગથરીયા (ઉ.વ.૩૬) (રહે. સન ફ્લોરેટ ફ્લેટ, નિર્માણ સ્કુલ સામે વસ્ત્રાપુર) એ તા.૨૧/૦૮/૨૦૨૬ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે અક્ષયભાઇ બગથરીયા નાઓ વસ્ત્રાપુર ઇન્દ્રપ્રસ્થ કોમ્પ્લેક્ષમાં દુકાન નંબર–૧૯ "આશા હેર એન્ડ કેર" નામની દુકાન ધરાવી સલુન નો ધંધો કરતા હોય તેમની દુકાને ગ્રાહક તરીકે આવતા તેમના સમાજના આરોપી આકાશ જયેશભાઇ ઘડીયાળી (રહે. ગુરુદેવ કોમ્પલેક્ષ ફેઝ–૧ સેલવાસ દાદરાનગર હવેલી તથા દુકાન નં.૧૩ પ્રમુખ ગાર્ડન્સ પાર્ક સીટી, સેલવાસ, દાદરાનગર હવેલી દમણ અને દિવ) નાઓ સાથે ઓળખાણ થઈ હતી દરમ્યાન આકાશ ઘડીયાળી તથા તેમની માતા રક્ષાબહેન વા/ઓ જયેશભાઇ ઘડીયાળી નાઓ સાથે અવાર–નવાર વૉટ્સએપ કોલીંગ કરી પોતે સ્કાય વોચ કન્સલ્ટન્સી પ્રા. તથા સેનઝેલ સલોન પ્રા.લી. નામની ટ્રેડીંગ કંપની ધરાવતા હોવાની વાતચીત કરી જણાવેલ કે અમારી કંપનીમાં રોકાણ કરશો તો સારૂં વળતર મળશે તેવી લાલચ આપી વિશ્વાસમા લઇ માહે જાન્યુઆરી/૨૦૨૫ થી તા.૦૮/૦૭/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અક્ષયભાઈ બગથરીયા પાસેથી તેઓની કંપનીમાં રોકાણ કરવા કુલ રૂપિયા ૫,૦૦,૦૦૦/– મેળવી લઈ વળતર નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૧૬૬/૨૦૨૬**

ખાડીયાઃ આર્ય વિમલકુમાર વ્યાસ (ઉ.વ.૨૪) (રહે. પીપળાવાળો ખાંચો મહાલક્ષમીની પોળ રાયપુર) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૮/૨૦૨૬ સવારના ૦૯/૦૦ થી બપોરના ૦૨/૨૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે લોખંડની સીડી સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જી.કે.આહીર ચલાવે છે.

નિકોલઃ મનીષભાઇ ધીરુભાઇ પટેલ (ઉ.વ.૩૯) (રહે. મુક્તિધામ એપાર્ટમેન્ટ જીવનવાડી નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૮/૨૦૨૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.આર.પટેલ ચલાવે છે.

વટવાઃ વટવા જાનીયા પીરનો ટેકરો દરગાહની બાજુમાં ભરવાડ વાસ ખાતે સંબંધી સાથે ભાડાના મકાનમાં રહેતા રાહુલ કુમાર અજય માંઝી (ઉ.વ.૧૭) (મુળ વતન. બિહરા થાના બિજસરાછેત જી–ગયા બિહાર) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૮/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા રહેણાંક ખાતે પંખા સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.યુ.રહેવર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી